પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૮૮ | ૭ જુન, ૨૦૨૩, બુધવાર; જેઠ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સ્વદેશી બનાવટના ટોર્પિડોનું સફળ પરીક્ષણ

**પાણીની અંદર જતી વખતે ટોર્પિડો સીધો લક્ષ્ય પર અથડાયો : ડીઆરડીઓ દ્વારા વિકસિત ટોર્પિડો સમુદ્રની અંદર દુશ્મનના જહાજ-સબમરીનનો વિનાશ કરશે, સમુદ્રમાં ભારતની તાકાતમાં વધારો થશે**

કોચી, તા.૬

ભારતમાં બનેલા ભારે વજનના ટોર્પિડોનું કોચીમાં સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પાણીની અંદર જતી વખતે ટોર્પિડો સીધો લક્ષ્ય પર અથડાયો હતો. ડીઆરડીઓદ્વારા વિકસિત ટોર્પિડો સમુદ્રની અંદર દુશ્મનના જહાજ-સબમરીનનો વિનાશ કરશે. સમુદ્રમાં ભારતની તાકાતમાં વધારો થશે.દેશમાં જ અત્યાધુનિક શસ્ત્રો બનાવવાની દિશામાં મોટી સફળતા હાંસલ કરવામાં આવી છે. ડીઆરડીઓદ્વારા વિકસિત ટોર્પિડોનું પરીક્ષણ સફળ રહ્યું છે. આ હેવીવેઈટ ટોર્પિડોએ તેના પાણીની અંદરના લક્ષ્યને સફળતાપૂર્વક સાધ્યુ હતું. ભારતીય નૌસેનાએ એક નિવેદન જાહેર કરીને કહ્યું છે કે ભારતીય નેવી અને ડીઆરડીઓમાટે આ એક મોટી ઉપલબ્ધિ છે. ટોર્પિડોએ તેના પાણીની અંદરના લક્ષ્યને સચોટ રીતે સાધ્યુ હતું. નૌકાદળે કહ્યું કે આ આત્મનિર્ભરતા હેઠળ ભવિષ્ય માટે અમારી લડાયક તૈયારી



પ્રત્યે સમર્પણ દર્શાવે છે.ભારતે ગત સપ્તાહે જ વધુ એક સિદ્ધિ હાંસલ કરી હતી. એમએચ૬૦ રોમિયો હેલિકોપ્ટર સ્વદેશમાં નિર્મિત એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંત પર સફળતાપૂર્વક લેન્ડ થયું હતું. નૌકાદળે કહ્યું કે હેલિકોપ્ટર સાથે નૌકા યુદ્ધ જહાજનું એકીકરણ એ સબમરીન વિરોધી યુદ્ધ અને ફ્લીટને સમર્થન આપવા તરફ એક મોટું પગલું છે. આનાથી પાણીમાં ભારતની લડાયક ક્ષમતામાં વધારો થશે તેમજ દરિયાઈ ગતિવિધિઓ પર નજર રાખવામાં આવશે.નૌકાદળની શક્તિ ભવિષ્યના યુદ્ધોમાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ સ્થિતિમાં સબમરીનની ભૂમિકા પણ વધશે. સબમરીનના ઉપયોગનો સામનો કરવા માટે ટોર્પિડો નિર્ણાયક સાબિત થશે. આ હથિયારો પાણીની અંદર થોડીક સેકન્ડમાં દુશ્મનની સબમરીનને નિશાન બનાવવાની શક્તિ ધરાવે છે. ભારત દ્વારા વિકસિત ટોર્પિડોનું સફળ પરીક્ષણ ભારતની લડાયક સજ્જતાની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

# એનસીબીએ પાર્ટી ડ્રગ કન્સાઈનમેન્ટ જપ્ત કર્યું

**દરોડામાં એનસીબીએ હજારો કરોડની કિંમતની નસીલી દવા લિસર્જિક એસિડ ડાયથાઇલામાઇડનો જથ્થો પકડ્યો**

નવી દિલ્હી, તા.૬

એનસીબીને મોટી સફળતા મળી છે. એનસીબીટીમે ડ્રગ સ્મગલરોના મોટા નેટવર્કનો પર્દાફાશ કરતી વખતે અત્યાર સુધીની સૌથી મોટી પાર્ટી ડ્રગ કન્સાઈનમેન્ટ જપ્ત કરી છે. ડ્રગ સ્મગલર્સનું આ નેટવર્ક ઘણું મોટું છે અને સમગ્ર દેશમાં ફેલાયેલું છે. આ દરોડામાં એનસીબીએ હજારો કરોડની કિંમતની નસીલી દવા લિસેર્જિક એસિડ ડાયથાઈલામાઈડ(એલએસડી)નો જથ્થો પકડ્યો છે.

એનસીબીના આ દરોડામાં દેશભરમાં ફેલાયેલી ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ થયો છે. આ દરોડા દરમિયાન ઘણા ડ્રગ સ્મગલરની પણ ધરપકડ કરવામાં આવી છે. આ દરોડાને લઈને એનસીબી પ્રેસ કોન્ફરન્સ પણ

● અનુસંધાન પાન-૭ પર



# મણિપુરમાં આતંકીઓ સાથેની અથડામણમાં ૧ જવાન શહીદ

**કાકચિંગ જિલ્લાના સેરૌમાં ગત રાત્રે તપાસ અભિયાન દરમિયાન શંકાસ્પદ આતંકવાદીઓ અને સુરક્ષા દળના જવાનો વચ્ચે ફાયરિંગ, અસમ રાઈફલ્સના બે જવાનો ઈજાગ્રસ્ત**

ઈમ્ફાલ, તા.૬

મણિપુરમાં છેલ્લા એક મહિનાથી હિંસાની સ્થિતિ યથાવત્ છે. અહીં શંકાસ્પદ ઉગ્રવાદીઓ સાથે થયેલી અથડામણમાં સીમા સુરક્ષા દળ (બીએસએફ)નો એક જવાન અને અસમ રાઈફલ્સના બે જવાનો ઈજાગ્રસ્ત થયા છે.

કાકચિંગ જિલ્લાના સેરૌમાં ગત રાત્રે તપાસ અભિયાન દરમિયાન શંકાસ્પદ આતંકવાદીઓ અને સુરક્ષા દળના જવાનો વચ્ચે ફાયરિંગ થયું હતું. ફાયરિંગની ઘટનામાં બીએસએફ જવાન રણજીત યાદવ શહિદ થયા હતા. સંરક્ષણ સૂત્રઓએ જણાવ્યું કે, અસમ રાઈફલ્સના ઈજાગ્રસ્ત જાવનોને ઈમઅફાલના મંત્રીપુખરી લઈ જવાયા છે. પ્રારંભિક તપાસ દરમિયાન સેરૌમાંથી બે એકે રાઈફલ, એક ૫૧ મિમી મોર્ટાર, બે કાર્બાઈડ, મોટી સંખ્યામાં શસ્ત્રો અને દારૂગોળો તેમજ યુદ્ધનો સામાન જપ્ત કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# યજમાન પાકિસ્તાન એશિયા કપ ક્રિકેટમાંથી બહાર થવાના સંકેત

**શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાને પ્રસ્તાવિત હાઇબ્રિડ મોડલ નકાર્યું : શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાને બીસીસીઆઈને પાકિસ્તાનની બહાર ટુર્નામેન્ટ યોજવા માટે સમર્થન આપ્યું**

નવી દિલ્હી, તા.૬

શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાને પ્રસ્તાવિત 'હાઈબ્રિડ મોડલ'ને નકારી કાઢ્યા બાદ યજમાન પાકિસ્તાન સપ્ટેમ્બરમાં એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાંથી બહાર નીકળી શકે છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પ્રમુખ નજમ સેઠી દ્વારા પ્રસ્તાવિત હાઈબ્રિડ મોડલ મુજબ પાકિસ્તાને એશિયા કપની ત્રણ કે ચાર મેચ પાકિસ્તાનમાં જ રમવી હતી, જ્યારે ભારતની મેચો તટસ્થ સ્થળે રમાઈ શકતી હતી. સુરક્ષાની ચિંતાઓને કારણે ભારતે પાકિસ્તાનનો પ્રવાસ કરવાનો ઈનકાર કર્યા પછી આ વિચાર રજૂ કરવામાં આવ્યો હતો.

જો કે, હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાને બીસીસીઆઈને પાકિસ્તાનની બહાર ટુર્નામેન્ટ યોજવા માટે સમર્થન આપ્યું છે. સૂત્રના જણાવ્યા મુજબ હવે એ માત્ર એક ઔપચારિકતા છે કે એશિયન ક્રિકેટ કાઉન્સિલના એક્ઝિક્યુટિવ બોર્ડના સભ્યો

● અનુસંધાન પાન-૭ પર

# NIAના પંજાબ અને હરિયાણામાં દરોડા

**આતંકવાદી સંગઠન ખાલિસ્તાન ટાઈગર ફોર્સ વિરુદ્ધ કડક કાર્યવાહી – દારૂગોળો અને વિસ્ફોટકોની દાણચોરીના ગુનાહિત કાવતરાના સંબંધમાં પંજાબમાં ૯ અને હરિયાણામાં ૧ સ્થળે છાપે મારી કરી**



અમૃતસર, તા.૬

પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ખાલિસ્તાન ટાઈગર ફોર્સ વિરુદ્ધ કડક કાર્યવાહી કરતા નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ફંડ એકઠું કરવાના દરોડા પાડ્યા છે. એનઆઈએની ટીમે દારૂગોળો અને વિસ્ફોટકોની દાણચોરીના ગુનાહિત કાવતરાના સંબંધમાં પંજાબમાં ૯ અને હરિયાણામાં ૧ સ્થળે છાપે મારી કરી છે. આ જ કેસમાં એનઆઈએએ ૧૯ મેના રોજ ફિલિપાઈન્સના મનીલાથી દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચતા જ આતંકવાદી અર્શ દલ્લાના બે નજીકના સાથીઓની ધરપકડ કરી હતી. બંનેની ઓળખ અમૃતપાલ સિંહ અને અમૃતક સિંહ તરીકે થઈ હતી. એનઆઈએદ્વારા ઓપરેશન હેઠળ બંનેની ધરપકડ કરવામાં આવી હતી.

# સીબીઆઈએ ટ્રેન દુર્ઘટના સ્થળ પર પાટા અને સિગ્નલના રૂમનું નિરીક્ષણ કર્યું

**ટ્રેન અકસ્માતની તપાસ સીબીઆઈએ પોતાના હાથમાં લીધી**

નવી દિલ્હી, તા.૬

ઓડિશાના બાલાસોર જિલ્લામાં થયેલા ટ્રેન અકસ્માતની તપાસ સીબીઆઈએ પોતાના હાથમાં લીધી છે. મંગળવાર (૬ જૂન) એ આ મામલામાં કેસ દાખલ કરી લીધો છે. સીબીઆઈ અધિકારીએ જણાવ્યું કે એક ટીમે બાલાસોર પહોંચીને ઘટનાસ્થળનો પ્રવાસ કર્યો છે. આ રેલ દુર્ઘટનામાં અત્યાર સુધી ૧૭૮ લોકોના મોત થયા છે અને ૧ હજારથી વધુ લોકો ઈજાગ્રસ્ત છે.

અધિકારીએ કહ્યુ કે સીબીઆઈએ રેલ મંત્રાલયની વિનંતી, ઓડિશા સરકારની સહમતિ અને કેન્દ્ર સરકારના આદેશો પર કોરોમાંડલ એક્સપ્રેસ, યશવંતપુર-હાવડા એક્સપ્રેસ અને એક માલગાડીથી સંબંધિત ટ્રેન દુર્ઘટનાના સંબંધમાં કેસ દાખલ કર્યો છે. આ દુર્ઘટના ૨ જૂને ઓડિશાના બાહાનગા બાહાનગા બજાર રેલવે સ્ટેશન પર તૈનાત રેલવાના અધિકારીઓ સાથે પૂછપરછ કરી છે.



બજાર સ્ટેશનની પાસે થઈ હતી.

સીબીઆઈની ટીમે મંગળવારે સિગ્નલ રૂમ અને રેલ પાટાઓનું નિરીક્ષણ કર્યું. સાથે સીબીઆઈ અધિકારીઓની સાથે ફોરેન્સિક ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. ફોરેન્સિક ટીમે પણ

● અનુસંધાન પાન-૭ પર

# રશિયાનો યુક્રેનના કાખોવકા ડેમ પર હુમલો, હજારો નાગરિકોનું સ્થળાંતર

**યુક્રેનના મંત્રીએ કહ્યું કે, આ હુમલાને કારણે ડેમ તૂટી ગયો છે અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાવા લાગ્યું છે, ગૃહ મંત્રાલય દ્વારા લગભગ ૧૦ ગામડાઓના લોકોને ઘર છોડવા માટે કહેવામાં આવ્યું**

કીવ, તા.૬

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને દોઢ વર્ષ થઈ ગયું છે, પરંતુ બંને દેશો વચ્ચે હજુ પરિસ્થિતિ સામાન્ય થઇ નથી. એવામાં હાલ યુક્રેને મોટો આરોપ લગાવ્યો છે કે, રશિયાએ અહીં બનેલા કાખોવકા ડેમ પર હુમલો કર્યો છે. આ હુમલામાં ડેમ તૂટી ગયો છે અને મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

યુક્રેનનું કહેવું છે કે, આ તબાહીને કારણે હજારો લોકોને સ્થળાંતર કરવું પડ્યું અને ઘણા વિસ્તારો ડૂબી ગયા છે. યુક્રેનનું કહેવું છે કે, આ પૂરના કારણે ન્યુક્લિયર પાવર પ્લાન્ટને પણ નુકસાન થશે. યુક્રેનના ગૃહમંત્રીએ આજે જણાવ્યું કે, દેશના દક્ષિણ ભાગમાં નીપર નદી પર બનેલા કાખોવકા ડેમ પર હુમલો કરવામાં આવ્યો છે.

યુક્રેનના મંત્રીએ કહ્યું કે, આ હુમલાને કારણે ડેમ તૂટી ગયો છે

● અનુસંધાન પાન-૭ પર

# આદિપુરૂષની રિલિઝમાં દરેક થિયેટર્સમાં એક સિટ બજરંગબલી માટે ખાલી રખાશે

**૧૬ જૂને ફિલ્મ આદિપુરૂષ સિનેમાઘરોમાં પ્રદર્શિત થશે : રામાયણનો પાઠ થાય છે, ત્યાં ભગવાન હનુમાન હાજર હોય છે, એ માન્યતાને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવ્યો**

મુંબઈ, તા.૬

પ્રભાસની ફિલ્મ આદિપુરુષ ૧૬મી જૂને સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મમાં પ્રભાસ, કૃતિ સેનન અને સૈફ અલી ખાન મુખ્ય ભૂમિકામાં છે જ્યારે ફિલ્મનું ડાયરેકશન ઓમ રાઉતે કર્યું છે. આદિપુરુષનું બજેટ લગભગ ૫૦૦થી ૬૦૦ કરોડ હોવાનું કહેવાય છે. આ વાતને ધ્યાનમાં રાખીને ફિલ્મના પ્રમોશન માટે કોઈ કસર બાકી રાખવામાં આવી રહી નથી. પરંતુ આ દરમિયાન ફિલ્મને લઈને મોટા સમાચાર આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જે પણ સિનેમા હોલમાં આદિપુરુષ રિલીઝ થશે, ત્યાં ભગવાન બજરંગ બલી માટે એક સીટ ખાલી રાખવામાં આવશે. પ્રથમ વખત આવો અનોખો નિર્ણય લેવામાં આવ્યો છે.

આદિપુરુષની ટીમે આ અંગે એક નિવેદનમાં કહ્યું છે કે, 'જ્યાં પણ રામાયણનો પાઠ થાય છે, ત્યાં ભગવાન હનુમાન હાજર હોય છે. આ અમારી માન્યતા છે. આ માન્યતાને માન આપીને દરેક થિયેટરમાં જ્યાં પ્રભાસની રામ-સ્ટારર આદિપુરુષ પ્રદર્શિત થાય છે, ત્યાં એક સીટ ફક્ત ભગવાન હનુમાન માટે અનામત રાખવામાં આવશે.

મોંઢા અને ગળાના કેન્સર અને કેન્સરના રોગોની નિયમિત ઓ.પી.ડી.
08 જુન, ગુરૂવારે ગાંધીનગર ખાતે

zydus Hospitals Cancer Centre

ડૉ. સુપ્રીત ભટ્ટ
MS, M.Ch
મોંઢા અને ગળાના રોબોટીક સર્જરીના નિષ્ણાંત
● 4000 થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી
● 20000 થી વધુ સંતુષ્ટ કેન્સર દર્દીઓની સારવાર

ડૉ. નહુષ ટહિલિયાણી
MD, DM
(મેડિકલ ઓન્કોલૉજી અને હિમેટોલૉજી)
તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક "ઈમ્યુનોથેરાપી"ના નિષ્ણાંત

લક્ષણો:
● મોંઢા અને જડબાનું કેન્સર ● જીભનું કેન્સર
● થાયરોઈડ અને પેરાથાયરોઈડની ગાંઠ
● ગળા અને સ્વરપેટીનું કેન્સર
● લાળગ્રંથિનું કેન્સર ● ચામડીનું કેન્સર

ઉપલબ્ધ સારવાર
● મોંઢા અને ગળાના કેન્સર ● ફેફસાનાં કેન્સર ● સ્તન કેન્સર ● મગજમાં ગાંઠ ● આંતરડા તથા મળમાર્ગના કેન્સર ● લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર ● લોહીના કેન્સર (લ્યુકેમીયા, લીમ્ફોમા) ● ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર ● ચામડી, હાડકાના કેન્સર, સારકોમા

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

સાંજે 4.00 થી 6.00 કલાકે
સાંજે 6.00 થી 7.00 કલાકે

માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર,કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર.

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

પ્રથમ પુણ્યતિથિએ
ભાવભીની અંજલિ



પ્રજ્ઞાબેન પરમાર
મહાપ્રયાણ - ૭ જૂન, ૨૦૨૨

આજે તમે હયાત હોત તો...
તમે હંમેશા ઈચ્છતા હતા કે અમે
તે ઊંચાઈઓને પામીએ,
આપના આશીર્વાદવાળા હાથ હંમેશા
એટલે જ ઉઠતા કે અમે કાંઈક કરી ગુજરીએ,
આજે તમે નથી, પરંતુ આપના એ આશીર્વાદ,
તે ઉત્સાહ વાળા ભાવ આજે પણ છે...
આજે અમે જે કરી શક્યા છીએ,
તમો હયાત હોત તો તમને જરૂર
અમારા પર ગર્વ કરી રહ્યા હોત...
તમારી યાદગીરીઓ, આશીર્વાદો અને એ ઉત્સાહને
નમન જે તમે અમારા માટે છોડી ગયા છો...

આપના
પાર્થ પરમાર
ટાયગર
Mo. 9712973026